# ડસ્ટબીન આપો અથવા વેરામાં રીબેટ આપો : વસાહત મહાસંઘ

**કચરાનું કમઠાણ હવે સરકારમાં પહોંચ્યું : મહાસંઘે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રભારી મંત્રી, કલેક્ટર અને મ્યુ. કમિશનરને આવેદનપત્ર આપ્યું : સફાઇ વેરો એડવાન્સમાં ઉઘરાવી લીધો છે અને હવે સુવિધા મળતી નથી : કેશરીસિંહ બિહોલા**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં કચરાનું કમઠાણ હવે છેક મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચ્યું છે. આજે ગાંધીનગર શહેર વસાહત



મહાસંઘ દ્વારા સ્વર્ણિમ સંકુલ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલના કાર્યાલયમાં આવેદનપત્ર આપી ડસ્ટબીન આપવા બાબતે વસાહતીઓની લાગણીઓ સરકાર સુધી પંહોચાડી હતી. આ આ ઉપરાંત વસાહત મહાસંઘ દ્વારા જિલ્લા કલેકટરને પણ આ બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે મનપા દ્વારા મિલ્કત વેરામાં એડવાન્સ સફાઈ ચાર્જ પણ વસૂલવામાં આવ્યો છે તેમ છતાં ઘરેથી કચરો લેવામાં આવતો નથી અને આ કારણે વસાહતીઓ દ્વારા ઘરે એકઠો થયેલો કચરો જાહેર રસ્તાની આસપાસમાં ફેંકવામાં આવે છે જે ગંદકીના થર અત્યારે વરસાદી મૌસમના કારણે દુર્ગંધયુક્ત વાતાવરણ સર્જીને રોગચાળો ફેલાવાનો ખતરો પેદા કરે છે પરંતુ મ્યુનિસિપલ કમિશનર દ્વારા મહાસંઘ સહિત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વસાહતીઓને ડસ્ટબીન આપવાની વિનંતીને ઠુકરાવવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરનાં સેકટરોનાં જાહેર રસ્તાઓ પકડ કોમનચોકમાં નિયમિત સાફસફાઈનો અભાવ હોવાથી ટેક્સ ભરવા છતાં વસાહતીઓને યોગ્ય સુવિધા પ્રાપ્ત થતી નથી. જો મનપા દ્વારા ડસ્ટબીન ખરીદીને આપવામાં મુશ્કેલી નડતી હોય તો વસાહતીઓને વેરામાં રિબેટ આપવામાં આવે તો વસાહતીઓ ડસ્ટબીનો સ્વખર્ચે ખરીદી શકે તેવી રજુઆત મહાસંઘ દ્વારા કરવામાં આવી છે.

શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ હોદ્દેદારો ઉપપ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ સહિત ઘનશ્યામસિંહ ગોલ, વિઠ્ઠલભાઈ પરમાર, પી વી જેઠવા વગેરેએ સ્વર્ણિમ સંકુલ ખાતે અને અન્ય ટીમ જેમાં ઉપપ્રમુખ જયેશભાઈ આગજા અને મહામંત્રી પોપટલાલ પ્રજાપતિની ?આગેવાનીમાં અન્ય હોદ્દેદારો રશ્મિકાંત પંડ્યા, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, અલકેશ પરમાર, ગોપાળજી ઠાકોર, કાનજીભાઈ દેસાઈ, અશ્વિનભાઈ રાઠોડ વગેરેએ કલેકટર તથા મ્યુ.કમિશનરને પણ રુબરુ મળી આવેદનપત્ર આપ્યું હતું.

### ભલે પૂંઠાના ખોખામાં કે તૂટેલા કૂંડામાં આપો, કચરો જુદો જુદો આપો : મનપા કમિશનર

કચરામાં કમઠાણમાં એકતરફ વસાહત મહાસંઘ જયાં સરકારમાં આવેદન પત્ર આપવા પહોંચ્યું હતું ત્યાં બીજી તરફ મ્યુનિસિપલ કમિશનર દ્વારા શહેરના પ્રબુદ્ધ નાગરિકો તરફથી મહાનગરપાલિકાને ખૂબ સારો સહકાર મળી રહ્યો હોવાનું જણાવાયું હતું. મ્યુ. કમિશનરના મતે ડસ્ટબિન એ પ્રશ્નનું નિરાકરણ નથી પરંતુ કચરો જુદો જુદો સંગ્રહ કરવાની ટેવને આત્મસાત કરવી એ જ આ યક્ષપ્રશ્નનું સાચું નિરાકરણ છે. મહાનગરપાલિકાની માગણી માત્ર કચરો જુદો જુદો આપવાની છે પછી ભલે તે પૂંઠાના ખોખામાં આપો કે તૂટેલા કૂંડામાં આપો, બધું મહાનગરપાલિકા સ્વીકારી લેશે. શહેરીજનો માત્ર કચરો જુદો જુદો આપે એટલી જ પ્રાર્થના છે.



## શહેરમાં પૂજ્ય ભાઈનો જન્મદિવસ સેવા દિવસ તરીકે ઉજવાયો

જાણીતા ભાગવત કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝા ‘પૂજ્ય ભાઈ’ના જન્મ દિવસને સેવા દિવસ તરીકે ઉજવાયો હતો. શહેરના સેક્ટર-૧૧ના કોમર્શિયલ વિસ્તારના પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર સંકલ્પ અન્વયે નેચર ફસ્ટના અગ્રણીઓએ જાહેર માર્ગો ઉપરથી પ્લાસ્ટિકને એકત્ર કરવાની કામગીરી સવારે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન કરી હતી. આ સેવાકાર્યમાં પૂર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્ર ત્રિવેદી, જાણીતા ઉદ્યોગપતિ એન.પી. પટેલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના પ્રમુખ ઝીલુભા ધાંધલ, ભાજપના અગ્રણી મહેન્દ્રભાઈ દાસ, આરએસએસના કુમારભાઈ લીમાણી તથા સર્વ જયંતિભાઈ વઘાસિયા, અરવિંદભાઈ કનાડા, જે.વી. પટેલ સહિત અનેક આગેવાનો જોડાયા હતા.



ગાંધીનગરમાં અનેક પ્રયત્નો બાદ પણ રખડતા ઢોરોની સમસ્યામાંથી મુક્તિ નથી મળી. લાખોના ખર્ચે ઢોર પકડવાનો કોન્ટ્રાક્ટ અપાય છે, પરંતુ ઢોર માલિકો ઢોરોને ભગાડી દેતા હોવાથી રખડતા ઢોરોની સમસ્યા જેમની તેમ રહે છે. રાત્રીના સમયે તો મુખ્ય માર્ગોની ઉપર જ ગાયો અડીંગો જમાવીને બેસી જાય છે. રાત્રીના અંધકારમાં આ રખડતા ઢોરો વાહનચાલકો માટે મુશ્કેલી સર્જી શકે છે.

## ૪૨/૮૪ કડવા પાટીદાર યુવા મહિલા સંગઠન દ્વારા ‘વન ડે ટૂર’ સંપન્ન

ગાંધીનગર, તા. ૩૧

શ્રાવણ માસના પવિત્ર પર્વે ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર યુવા મહિલા સંગઠન દ્વારા વન ડે ટૂર દર્શન પ્રવાસનું આયોજન કરાયુ હતુ. આ ટૂરમાં જામળા, અંબાજી, ધરોઈ, વડનગર તથા ઉમિયાધામ ઊંઝાના સ્થળોની મુલાકાત લીધી હતી. આ પ્રવાસનું આયોજન સુધાબેન એ. પટેલ, જયશ્રીબેન પી. પટેલ, નયનાબેન જે. પટેલ, ભગવતીબેન વી. પટેલ, લત્તાબેન એચ. પટેલ, અસ્મિતાબેન તથા યુવા મહિલાઓના સહયોગથી સફળ થયુ હતુ.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૩૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં રવિવારે સાતમના દિવસે ૮૫ લાભાર્થીને ૨ કી.ગ્રા. ચોખા, ચા, નાસ્તો, બિસ્ટીકનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ઉપરાંત ભાટાઈમાં ૪ લાભાર્થીને વિવિધ વસ્તુ સાથે છત્રી આપી હતી. આ સેવાકાર્યમાં ઉર્મિલાબેન શુક્લ, શ્રૃતિ ગુપ્તે, નિલેષ મુળે, મિલિંદભાઈ તથા કમલેશભાઈએ ઉપસ્થિત રહી સેવાકાર્ય કરવામાં આવ્યું હતુ.

# ચિલોડામાં સર્વીસ માર્ગના પ્રવેશે જ લોહી તરસ્યા ગાબડાં

**વરસાદી પાણીમાં રાત્રીએ અદ્દશ્ય બનતાં ખતરનાક ગાબડાં દ્વિચક્રી વાહનો માટે મોતનો કુવો, પ્રાંતિજ બાજુથી આવતાં વાહનચાલકોને ભારે હાલાકી, ઠેકેદારની બેજવાબદારી કોઈ નિર્દોષનો જીવ લેશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીકનું સૌથી વ્યસ્ત જંકશન ચિલોડામાં ઓવરબ્રિજ બન્યા પછી આકર્ષક ભાસી રહ્યુ છે. પરંતુ આ ઓવરબ્રિજની બાજુમાં હિંમતનગરથી ચિલોડા પ્રવેશે જ સર્વિસ માર્ગમાં ખતરનાક ગાબડાં ઘણા સમયથી પડ્યા છે પરંતુ ઠેકેદાર આ બાબતે બેજવાબદારી દાખવી રહ્યા છે. માર્ગમાં પડેલા આ ગાબડાં ખુબજ ઘાતક છે અને જો વરસાદી વાતાવરણ હોય તો પાણીમાં દેખાતાં નથી જેથી દ્વિચક્રી વાહનો માટે તો અજાણતાં જ આ મોતનો કુવો બની જાય તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે.

ચિલોડામાં હિંમતનગર બાજુથી આવતાં જ પ્રવેશે લોહી તરસ્યા ગાબડાં થઈ ગયા છે. થોડી પણ લાપરવાહી મોટા અકસ્માતમાં પરિણમી શકે છે. ઓવરબ્રિજની સમાંતર સર્વીસ રોડનું આયોજન થયુ છે. આ સર્વિસ રોડ ઉપર થઈ ગાંધીનગર, દહેગામ, સાદરા વગેરે સ્થળોએ જવાય છે અને આ સર્વિસ રોડનો મહત્તમ ઉપયોગ એસ.ટી. બસ અને ગાંધીનગરના રહીશો કરી રહ્યા છે. આ સર્વીસ રોડ ઉપર ઘણા સમયથી ખતરનાક ગાબડાં પડી ગયા છે જેથી એસ.ટી. બસ, કાર વગેરે હાલકડોલક સ્થિતિમાં પસાર થઈ રહ્યા છે. જેમાં આ વાહનો પલટી જવાનુ પણ જોખમ રહેલુ છે. વધુમાં દ્વિચક્રી વાહન લઈ પત્ની અને સંતાનો સાથે અહીંથી પસાર



થવુ એટલે જીવ સટોસટના ખેલ જેવુ બને છે. જેમાં વળી જો આ ગાબડામાં પાણી ભરાયેલાં હોય તો આ દેખાતા નથી જેથી દ્વિચક્રી વાહનો અવશ્ય અહીં અકસ્માતનો ભોગ બને છે. જો કે આજુબાજુના દુકાનવાળા ભાઈઓ આ સમયે ખડેપગે રહી દ્વિચક્રી વાહનચાલકોને ચેતવી નિકળવા સુચન કરી સેવા કરી રહ્યા છે.

નેશનલ હાઈવે નં. ૮ ઉપરના આ સર્વીસ માર્ગને યોગ્ય અને ગુણવત્તાસભર બનાવવાની જવાબદારી જે તે ઠેકેદારની હોય છે પરંતુ અહીં ઠેકેદારનું વલણ બિલકુલ બિનજવાબદારીભર્યુ દેખાઈ રહ્યુ છે. આ અંગે કેટલાક જાગૃત વાહનચાલકોએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી નિરાકરણની માંગ કરી છે તો આ અંગે અકસ્માત સર્જાય કે કોઈને ઈજા કે મૃત્યુ થાય તે સ્થિતિમાં ઠેકેદાર વિરૂદ્ધ અને હાઈવે ઓથોરીટી વિરૂદ્ધ પોલીસ ફરીયાદની પણ માનસિકતા બનાવી લીધી છે. વારંવારની આ કપરી પરિસ્થિતિ છતાં તંત્રનું અકળ મૌન કોઈ નિર્દોષનો જીવ લે તેવી દહેશત ઉભી થઈ છે.

### ચંદ્રકોની વર્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અપેક્ષા હતી પરંતુ તેણે ફાઈનલમાં નિરાશ કર્યા હતા. ફાઈનલના પહેલા એલિમિનેશન રાઉન્ડમાં રૂબિનાએ ૧૧૦.૫ ના સ્કોર સાથે છઠ્ઠા ક્રમે રહી હતી. આ પછી, બીજા રાઉન્ડનો સ્કોર ૧૨૮.૫ હતો અને તેને સાતમા સ્થાનથી સંતોષ માનવો પડ્યો હતો. રાકેશ કુમારે પુરૂષોની વ્યક્તિગત કમ્પાઉન્ડ ઓપન ૧/૮ એલિમિનેશનમાં #SVKના મેરિઆને મેરેક પર ૧૪૦-૧૩૭ની જીત બાદ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પણ ક્વાર્ટર ફાઈનલમાં ચીનના આય ઝિનલિયાંગે રાકેશને ૧૪૩-૧૪૫ થી હરાવ્યો હતો.જો કે, મનીષે એલિમિનેશન રાઉન્ડમાં બધાને નિરાશ કર્યા અને ૧૩૫.૮ પોઈન્ટ સાથે બહાર થઈ ગયો હતો. ૧૮ વર્ષીય મનીષ નરવાલે ક્વોલિફિકેશનમાં ટોપનું સ્થાન મેળવ્યું હતું, પરંતુ ફાઈનલમાં ધીમી શરૂઆતથી ૭માં સ્થાને રહ્યો હતો. સિમરન શર્મા મહિલાઓની ૧૦૦ મીટર_-૧૩ રેસમાં પાંચમા સ્થાને રહી હતી. તે પાંચમા સ્થાન સાથે ફાઈનલ માટે ક્વોલિફાય કરવાનું ચૂકી ગઈ. તેણે આ અંતર ૧૨.૬૯ સેકન્ડમાં પૂરું કર્યું. ટોક્યો પેરાલિમ્પિક ટેબલ ટેનિસની ક્લાસ ૪ અને ૫ ની ટીમ ઈવેન્ટમાં પણ ભારતનું ખરાબ પ્રદર્શન જોવા મળ્યું હતું. ભાવિના પટેલ અને સોનલબેન પટેલની જોડી ચીનની ઝોઉ યિંગ અને ઝાંગ બિયાનને સીધા સેટમાં હાર આપી. ચીનની જોડીએ ભારતીય ટીમને ૧૧-૨, ૧૧-૪, ૧૧-૨થી હરાવી હતી.

મહિલાઓની શોટપુટ સ્પર્ધામાં ભારતની ભાગ્યશ્રી જાધવે પણ નિરાશ કર્યા હતા. ભાગ્યશ્રી ફ્લ૩૪ ની ફાઈનલમાં ૭.૦૦ ના વ્યક્તિગત શ્રેષ્ઠ સાથે ૭માં સ્થાને રહી હતી.

### અડધી રાતે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમેરિકન વિમાનોએ અફઘાનિસ્તાનની હવાઈ સીમા પણ છોડી ન હતી કે તાલિબાને અફઘાનિસ્તાનને અમેરિકા મુક્ત જાહેર કર્યું હતું. આ દરમિયાન, NOTAM (એરમેનને નોટિસ)એ ઈમર્જન્સી સંદેશ જાહેર કરીને કહ્યું કે કાબુલ એરપોર્ટ હવે કોઈના નિયંત્રણમાં નથી અને અહીં એર ટ્રાફિક નિયંત્રણ પણ નથી. આનો મતલબ એ છે કે અહીંથી વિમાન ટેકઓફ કે લેન્ડ કરવું સલામત નથી.

કાબુલમાં તાલિબાનના પ્રવક્તા અમાનુલ્લાહ વાસીકે ટ્વિટર પર કહ્યું: "કાબુલના લોકો ડરશો નહીં, આ ગોળીઓ હવામાં છોડવામાં આવી રહી છે. મુજાહિદો સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યા છે. સાથે જ તાલિબાનનું કહેવું છે કે તેના સ્પેશિયલ ફોર્સ બદરી ૩૧૩ એ કાબુલ એરપોર્ટની સુરક્ષા સંભાળી લીધી છે. બીજી બાજુ, જનરલ મેકેન્ઝીએ અફઘાનિસ્તાનથી અમેરિકન સૈનિકોની સંપૂર્ણ વાપસીની જાહેરાત કરી છે. જનરલ મેકેન્ઝીએ એ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાન છોડવાનો પ્રયાસ કરી રહેલા કેટલાક અમેરિકન નાગરિકો હજુ પણ અફઘાનિસ્તાનમાં જ રહી ગયા છે. અફઘાન અખબાર ઈતલેઆત રોઝે દાવો કર્યો છે કે દાયકુંદી પ્રાંતના ખદીર જિલ્લામાં તાલિબાન દ્વારા બે નાગરિક સહિત કુલ ૧૪ લોકોની હત્યા કરવામાં આવી છે. જ્યારે હજારા મામલા પર નજર રાખી રહેલ એક કાર્યકર્તાએ કહ્યું હતું કે અમે પીડિતો સાથે સ્વતંત્ર રીતે વાત કરી શકતા નથી, પરંતુ સ્થાનિક મીડિયાએ ૧૪ લોકો માર્યા ગયાના સમાચાર પ્રકાશિત કર્યા છે.હજારા સમુદાય સાથે જોડાયેલા કાર્યકર્તાઓનો દાવો છે કે તાલિબાનોએ હજારા પ્રભુત્વ ધરાવતા દાયકુંદી જિલ્લામાં નજીબા લાઈબ્રેરી અને કોમ્પ્યુટર લેબમાં તોડફોડ અને લૂંટ ચલાવી હતી. હજારા પત્રકાર બશીર અહંગ મુજબ, આ પુસ્તકાલયમાં સ્થાનિક હજારા છોકરીઓ અને છોકરાઓ અભ્યાસ કરતા હતા.પંજશીરમાં અહેમદ મસૂદ સાથે સંકળાયેલા સૂત્રોએ દાવો કર્યો છે કે તાલિબાનોએ ઘણી બાજુથી હુમલા શરૂ કર્યા છે. પંજશીરના લડવૈયાઓ પણ તેમને જવાબ આપી રહ્યા છે. અગાઉ તાલિબાન સૂત્રોએ એવું કહ્યું હતું કે પંજશીરમાં ઘણા જૂથો તાલિબાનના સમર્થનમાં આવી રહ્યા છે. પંજશીર પર હુમલાની પુષ્ટિ કરતા ઘણા સૂત્રો કરી રહ્યા છે.

### પ્રતિબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરેક પ્રયાસ કરવામાં આવશે અને આ માટે ભંડોળની કોઈ કમી રહેશે નહીં. અમે પ્રદેશના વિકાસ માટે આધુનિક ટેકનોલોજી અને સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું મિશ્રણ જોઈ રહ્યા છીએ. મુખ્યમંત્રીએ દેશને નવી દિશા આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે લાંબા સમયથી અવગણના કરાયેલા શ્રદ્ધા સ્થાનોને ફરી જીવંત કરવામાં આવી રહ્યા છે.

### આભ ફાટ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમરગામ પંથકમાં પડેલા ભારે વરસાદના કારણે વારોલી નદીમાં આવ્યું ઘોડાપૂર આવ્યું છે. કપરાડા અને ધરમપુર ના જંગલ વિસ્તારમાં સારા વરસાદના કારણે જિલ્લાની તમામ નદીઓ બંને કાંઠે વહેતી થઈ. દમણગંગા, કોલક અને પાર નદીમાં આવેલા નવા નીરને કારણે ધરતીપુત્રોમાં આનંદીત છે. લાંબા વિરામ બાદ જીલ્લામાં સારો વરસાદ પડતા ખેતીલાયક પાણી નદીઓમાં આવતા જિલ્લામાં પાણીની સમસ્યા દૂર થઈ છે. ભારે વરસાદને કારણે જિલ્લાના ૧૯ જેટલા રસ્તાઓ બંધ થઈ ચુક્યાં છે. ઉમરગામ તાલુકામાં સૌથી વધુ વરસાદને કારણે ૧૬ જેટલા રસ્તાઓ બંધ થયા છે. પારડી તાલુકાના ૨ રસ્તાઓ તો કપરાડા નો ૧ રસ્તો બંધ થઈ ગયો છે. રાહત અને બચાવકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જિલ્લા કલેકટર એ ટ્વીટ કરી માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, લાંબા વિરામ બાદ જન્માષ્ટમીથી રાજ્યભરમાં વરસાદી માહોલ ફરીથી જામ્યો છે. ત્યારે જગતના તાતને રાહત મળી છે. વરસાદી માહોલ વચ્ચે હવામાન વિભાગે હજી ૨ સપ્ટેમ્બર સુધી વરસાદ વરસશે તેવી આગાહી કરી છે. આજે રાજ્યમાં સવારનાં ચાર ૪ કલાકમાં રાજ્યના ૩૪ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડના ઉમરગામમાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ સાથે વાપીમાં ૪ ઈંચ વરસાદ, કપરાડામાં ૨ ઈંચ, પારડીમાં ૧.૨૫ ઈંચ વરસાદ વરસતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. વલસાડ જિલ્લામાં પણ લાંબા વિરામ બાદ ફરી એક વખત વરસાદી માહોલ છવાયો છે. જન્માષ્ટમીની મોડી રાતથી જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. મોડી રાતથી જિલ્લાના ઉમરગામ, વલસાડ, વાપી અને પારડી તાલુકામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. મોડી રાતથી સવાર સુધી જિલ્લામાં વરસેલા વરસાદને કારણે ઉમરગામ અને વાપીના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં થોડા સમય સુધી રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. જિલ્લામાં મોડીરાતથી થયેલી મેઘ મહેરથી ખેતીના પાકને નવજીવન મળ્યું છે. આથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

### આવક કરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિવિધ ધાર્મિક સ્થળો સહીત પ્રવાસનની જગ્યાએ નાગરિકોની ભીડ જોવા મળે છે. આ સ્થિતિમાં મુસાફરોને યોગ્ય સમયે બસ સેવા મળી રહે તે માટે એસ ટી નિગમ દ્વારા સૌરાષ્ટ્રના વિવિધ રૂટોમાં વધારાની બસો દોડાવામાં આવે છે. રક્ષાબંધન તેમજ સાતમ આઠમના પર્વો દરમિયાન પણ એસ ટી દ્વારા મુસાફરોને સલામત સવારી નસીબ થાય તે મુજબ વિવિધ રૂટોમો વધુ બસો દોડાવામાં આવી હતી આ દરમિયાન શહેરી બસ સેવામાં પણ કાપ મુકાયો હતો. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ રક્ષાબંધનથી સાતમ આઠમના દિવસોમાં દાહોદા, ઝાલોદ, દ્વારકા , સોમનાથ સહીતના વિવિધ સ્થળો પર વધુ બસો મુકવામાં આવી હતી. સાતમ આઠમને અનુલક્ષી ૧૨૫ જેટલી ટ્રીપો દોડાવામાં આવી હતી. જયારે રક્ષાબંધનમાં પણ સો થી વધુ ટ્રીપો વિવિધ રૂટમાં સંચાલન કરાયુ હતુ. જેના અંતે ગાંધીનગર ડેપોને છેલ્લા દસ દિવસમાં અંદાજિત રૂ ૧૫ લાખની આવક થઈ છે. સાતમ આઠમના તહેવારો દરમિયાન પણ ગાંધીનગર ડેપોને રૂ ૮ લાખની આવક થઈ છે. છેલ્લા ઘણાં સમયથી કોવિડના લીધે એસ ટી બસ સેવામાં ટ્રાફિક જોવા મળતો ન હતો કોવિડના સંક્રમણથી બચવા માટે આમ નાગરિકો પણ સલામત સવારીમાં જવાનુ ટાળતા હતા પરંતુ કોરોનાનુ સંક્રમણ હાલ કાબુમાં હોવાથી એસ ટી બસનો ઉપયોગ પણ મુસાફરો તેમજ અપડાઉન કર્તાઓ વિશેષ રીતે કરી રહ્યા છે. જેના લીધે એસ ટી બસના પૈડા પણ ટ્રેક પર દોડતા થઈ ગયા છે. અને એસ ટી ને વધારાની આવક પણ મળતી થઈ છે.

### મુખ્ય સચિવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમનામાં વિશ્વાસ મૂકી મુખ્યસચિવ તરીકેની અગત્યની જવાબદારી આપી છે તેને ખૂબજ નિષ્ઠાથી નિભાવશે અને તેમના વહીવટી અનુભવ થકી ગુજરાત વધુને વધુ પ્રગતિ કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

વયનિવૃત્ત થતા મુખ્યસચિવ અનિલ મુકિમે નવનિયુકત મુખ્યસચિવ પંકજકુમારને શુભેચ્છા આપીને ઉપસ્થિત અધિકારી-કર્મચારીઓનો જે વ્યાપક સહયોગ મળ્યો એ બદલ સૌનો આભાર માન્યો હતો.

નવનિયુકત મુખ્યસચિવ અને બિહારના પટના ના વતની પંકજ કુમાર ૧૯૮૬થી ભારતીય સનદી અધિકારી તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી રહયા છે. તેઓએ આઈ.આઈ.ટી .કાનપુરથી સીવીલ અન્જીનીયરીગ ક્ષેત્રે બી.ટેક.નો અભ્યાસ કર્યો છે. તેઓ રાજયના વિવિધ જિલ્લાઓમા કલેકટર તરીકે સેવાઓ આપી છે ઉપરાંત ગુજરાતમા પૂર, વાવાઝોડુ, દુષ્કાળ અને કોરોનાના કપરાકાળમા પણ મહત્વની જવાબદારીઓ ઉપાડીને અનેક જનહિતલક્ષી કાર્યો કર્યા છે. આ અગાઉ તેઓ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ઉમદા સેવાઓ આપીને અનેક જનહિતલક્ષી સેવાઓ ઓનલાઈન કાર્યરત કરી છે અને હાલ તેઓ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવ એ.કે. રાકેશે સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે રાજયના વિવિધ વિભાગના અધિક મુખ્ય સચિવો, અગ્ર સચિવો અને સચિવોએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.



## જુના સચિવાલય મીનાબજાર ખાતે કોવિડ રસીકરણ કેમ્પ યોજાયો

કોરોના મહામારીના નિયંત્રણ માટે રાજ્ય સરકારે તમામ નાગરિકો માટે કોવિડ-૧૯ પ્રતિરોધક રસીના બંને ડોઝ ઝડપથી મળી રહે તે માટે રસીકરણ અભિયાન સઘન બનાવ્યું છે જે અંતર્ગત ગાંધીનગર શહેરના જુના સચિવાલય નજીકના મીનાબજાર ખાતેના પ્રગતિ લારી પાથરણા મંડળના પ્રમુખ પ્રમુખ તુલસીભાઈ માલી દ્વારા લાયન્સ ક્લબ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી તાજેતરમાં ગાંધીનગર નાગરિક બેંકની જુના સચિવાલય શાખા ખાતે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રસીકરણ કેમ્પમાં ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના મેનેજિંગ ડિરેકટર વિપુલભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી સહકાર આપ્યો હતો. આ કેમ્પમાં મીનાબજારના લારી-ગલ્લાં, પાથરણા સહિત દુકાનો ધરાવતા વેપારીઓ સહિત ૧૮૦ જેટલા નાગરિકોએ રસીકરણનો લાભ લીધો હતો. સમર કેમ્પ દરમ્યાન કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મીનાબજારના પ્રગતિ લારી પાથરણાં પ્રમુખ તુલસીભાઈ માલી, મહામંત્રી કનુભાઈ વાલેરા તથા રમેશભાઈ ઠકકર અને કારોબારી સમિતિ અહીંના વેપારીઓના પ્રશ્નોની રજુઆત અને નિરાકરણ માટે સતત કાર્યરત રહે છે.

### વેક્સિનેશન હેઠળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે ૩,૯૬૩ જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા. શહેરમાં અત્યાર સુધીમાં વેક્સિનેશન અભિયાનમાં ૪,૫૪,૨૭૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૨,૫૫,૦૯૭ પુરૂષો અને ૧,૯૯,૦૯૬ મહિલાઓનો સમાવેશ થાય છે.

શહેર-જિલ્લામાં વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા માટે પોલિંગ બુથ પેટર્ન પર અભિયાન ચાલી રહ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં કલોલના ૨૨, ગાંધીનગરના ૨૧, માણસાના ૪૯, દહેગામના ૯૬ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## વિજયા ડાઈગ્નોસ્ટિક સેન્ટર લિમિટેડનો આઈપીઓ પહેલીએ ખુલશે

**રૂ. ૧ ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેર (“ઇક્વિટી શેર”)ની પ્રાઇસ બેન્ડ શેરદીઠ રૂ. ૫૨૨થી રૂ. ૫૩૧ નક્કી થઇ**

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કાર્યકારી આવકની દ્રષ્ટિએ અને આવક દ્વારા સૌથી વધુ ઝડપથી વિકસતી ડાઈગ્નોસ્ટિક ચેઈન પૈકીની એક (સ્તોત્રઃ ક્રિસિલ રિપોર્ટ), દક્ષિણ ભારતમાં સૌથી મોટી સંકલિત ડાઈગ્નોસ્ટિક ચેઈન વિજયા ડાઈગ્નોસ્ટિક સેન્ટર લિમિટેડનો આઈપીઓ ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ને બુધવારે ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૨૨થી રૂ. ૫૩૧ નક્કી થઈ છે. બિડ્સ લઘુતમ ૨૮ ઈક્વિટી શેર અને પછી ૨૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફર ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ને શુક્રવારે બંધ થશે.

આઈપીઓમાં વિક્રેતા શેરધારકો દ્વારા ૩૫,૬૮૮,૦૬૪ સુધીના વેચાણની ઓફર સામેલ છે, જેમાં ડો. એસ સુરેન્દ્રનાથ રેડ્ડી (“પ્રમોટર વિક્રેતા શેરધારક”)ના ૫,૦૯૮,૨૯૬ ઈક્વિટી શેર, કારાકોરમ લિમિટેડના ૨૯,૪૮૭,૨૯૦ ઈક્વિટી શેર અને કેદારા કેપિટલ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ-કેદારા કેપિટલ એઆઈએફ ૧ દ્વારા ૧,૧૦૨,૪૭૮ ઈક્વિટી શેર (“કેદારા કેપિટલ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ - કેદારા કેપિટલ એઆઈએફ ૧ સાથે સંયુક્તપણે કારાકોરમને “રોકાણકાર વિક્રેતા શેરધારક” તરીકે ગણાવવામાં આવશે”) સામેલ છે. આ ઓફર સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન્સ) રુલ્સ, ૧૯૫૭માં થયેલા સુધારા (“એસસીઆરઆર”) સાથે નિયમ ૧૯(૨)(બી)ને સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચીને તથા સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૬(૧)નું પાલન કરીને રજૂ કરવામાં આવી છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (“ક્યુઆઈબી”) (“ક્યુઆઈબી પોર્શન”)ને ફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં શરત એ છે કે, કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ મુજબ વિવેકાધિન રીતે એન્કર રોકાણકારોને ફાળવણી શકે છે.